જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૨/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ, અને ૦૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૦૬/૨૦૨૬**

મણીનગરઃ નમ્રતાબહેન ડો/ઓ હરેશકુમાર રાવલ (ઉ.વ.૨૭)(રહે.પી.જી.હોસ્ટેલ, નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ અને એલ.જી.કોલેજ મણીનગર) એ તા.૧૦/૦૨/૨૦૨૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૧૦ થી તા.૨૫/૦૧/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક પી.જી.હોસ્ટેલ ખાતે અજાણ્યા મોબાઇલ નંબર +૯૧૭૪૬૬૯૪૨૯૧૧ ના ધારકે નમ્રતાબહેનને "ઇન્વેસ્ટમેન્ટ ટાસ્ક" ના નામે છેતરપીંડી કરી, તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૧,૬૯,૬૦૦/– મેળવી લઇ નમ્રતાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૦૭/૨૦૨૬**

નરોડાઃ શશાંકભાઇ રાજેન્દ્રભાઇ કોડેકર (ઉ.વ.૪૪)(રહે. ફ્રી કોલોની છારાનગર કુબેરનગર સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૬ સવારના કલાક ૧૧/૪૫ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન સરદારનગર "એ" વોર્ડ થી નરોડા નાયરા પેટ્રોલપંપ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામા બેસેલ અજાણી વ્યક્તિએ શશાંકભાઇની નજર ચુકવી તેમના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.વાઘેલા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૦૮/૨૦૨૬**

ચાંદખેડાઃ ચાંદખેડા સુદેશનનગર મકાન નંબર ૪૮૫/૩૦૨૭ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા મહેન્દ્રકુમાર સ/ઓ પરસારામ સુથાર (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–હરીયાળી, તા–સાંચોર જી–જાલોર રાજસ્થાન) નાઓ તા.૦૯/૦૨/૨૦૨૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા સુદેશનનગર મ.નં.–૪૮૫/૩૦૨૭ ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર દિવાલ પર અડીને રહેલ પ્લાયવુડના દસ સ્લેબમાંથી એક સ્લેબ કાઢતા હતા ત્યારે પ્લાયવુડના સ્લેબ તેઓની ઉપર પડતા નીચે દટાઇ જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એપોલો હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૨૦૯/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ મોહંમદ સફ્ફાન સ/ઓ મસરૂરહુસેન શેખ (ઉ.વ.૨૭)(રહે. બીલાલ ડુપ્લેક્ષ સોના પાર્ક–૦૩ ની અંદર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૨૦૨૬ સવારના ૭/૪૫ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે આવેલ સીડી નંબર–૩૧ ઘાટ નંબર–૦૬ પોક–વે નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રિકંલબહેન મોહનભાઇ ચલાવે છે.

નિકોલઃ મયંક ભરતભાઇ સાવલીયા (ઉ.વ.૨૫) (રહે. કળશ રેસીડેન્સી ગુરૂકુળ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને નિકોલ હાર્મોની હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી